જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૮/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૩ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૯૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૫૦,૮૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૦૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૦૭/૨૦૨૬**

બોડકદેવઃ જયદીપ જીતેન્દ્રકુમાર પટેલ (રહે. અનુષ્ઠાન બંગ્લોઝ સિમ્સ હોસ્પિટલ પાછળ સોલા) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૬ કલાક ૧૦/૦૦ થી તા.૨૯/૦૮/૨૦૨૬ કલાક ૦૭/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના અને કાંડા ઘડીયાળ મળી કુલ કિમત રૂપિયા ૧,૭૧,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.ઝાલા ચલાવે છે.

કાગડાપીઠઃ પ્રકાશભાઈ અંબાલાલભાઈ પટેલ (રહે. અશોક વાટીકા સોસાયટી ડફનાળાં રોડ શાહીબાગ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૯/૦૮/૨૦૨૬ સવારના ૦૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાયોના કોર્નર ડેરીના શટરનું તાળું તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૮૫,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.પટેલીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૮/૨૦૨૬**

નિકોલઃ નિતુબહેન ડો/ઓ શ્યામદાસ વૈષ્ણવ (ઉ.વ.૨૬) (રહે. પરમેશ્વર હોમ્સ ફ્લેટ નીલકંઠ એવન્યુની બાજુમાં નેશનલ હેંડલુમ સામે નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૨૯/૦૮/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને મહાવીર હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી